| | | | | | |
|---|---|---|---|---|---|
| | सत्यमेव जयते | રજુ તારીખ | ૦૫/૦૮/૨૦૨૫ | | |
| | | દાખલ તારીખ | ૦૫/૦૮/૨૦૨૫ | | |
| | | નિકાલ તારીખ | ૧૦/૦૭/૨૦૨૬ | | |
| | | સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | ૦૦ | ૧૧ | ૦૫ |

**ક્રિમીનલ કેસ નં. ૧૬૭૪/૨૦૨૫**

**આંક–**

## ફોર્મ – એ

| | |
|---|---|
| **પ્રિન્સીપાલ સિનિયર સીવીલ જજ અને એડી. ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટ, મુ.પેટલાદ**<br>**(જજમેન્ટ આપ્યાની તારીખ ૧૦/૦૭/૨૦૨૬ )**<br>**(કેસ નં. ૧૬૭૪/૨૦૨૫ )**<br>**પેટલાદ રૂરલ પોલીસ સ્ટેશનના ગુ.રજી. નં. ૧૧૨૧૫૦૨૦૨૫૦૧૧૯/૨૦૨૫**<br>**(બી.એન.એસ.ની કલમ– ૨૮૧,૧૦૬, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ.વી.એક્ટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબ)** | |
| **ફરીયાદી** | ધી સ્ટેટ ઓફ ગુજરાત |
| **ફરીયાદી તરફે** | વિ.એ.પી.પી.શ્રી.એમ.એમ.ભુરીયા |
| **આરોપી** | રવિકુમાર સન/ઓફ રિસનભાઇ સમારીયાભાઇ રાઠવા<br>રહે.રાયસિંગપુરા નીશાળ ફળિયુ, તા.ક્વાંટ,જી.છોટાઉદેપુર |
| **આરોપી તરફે** | વિ.વ.શ્રી વી.જે.રાણા |

## ફોર્મ – બી

| | |
|---|---|
| **ગુનો બન્યાની તારીખ** | ૦૬/૦૪/૨૦૨૫ |
| **એફ.આઈ.આર. ની તારીખ** | ૦૬/૦૪/૨૦૨૫ |
| **ચાર્જશીટની તારીખ** | ૩૦/૦૬/૨૦૨૫ |

| | |
|---|---|
| તહોતમનામું ઘડયાની તારીખ | ૨૯/૦૧/૨૦૨૬ |
| પુરાવો લેવાનો ચાલુ કર્યાની તારીખ | ૦૧/૦૭/૨૦૨૬ |
| જજમેન્ટ આપવાની નકકી કરેલ તારીખ | ૧૦/૦૭/૨૦૨૬ |
| જજમેન્ટ આપ્યાની તારીખ | ૧૦/૦૭/૨૦૨૬ |
| સજાના ઓર્ડર કર્યાની તારીખ (જો હોય તો) | – |

## **આરોપીની વિગત**

| આરોપીની સંખ્યા | આરોપીનું નામ | અટક કર્યાની તારીખ | જામીન પર મુકત કર્યાની તારીખ | ગુનાઓના આરોપસર | સજા/ નિર્દોષ | ફરમાવેલ સજા | કેદમાં રહેલ મુદતનો સમય બી.એન.એસ.એસ.ની કલમ –૪૬૮ના હેતુસર |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | રવિકુમાર સન/ઓફ રિસનભાઇ સમારીયાભાઇ રાઠવા | ૦૮/૦૪/૨૦૨૫ | | બી.એન.એસ. ની કલમ– ૨૮૧,૧૦૬ ૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ.વી.એક્ટની કલમ– ૧૭૭, ૧૮૪ મુજબ | **નિર્દોષ** | **–** | **–** |

## **ફોર્મ – સી**

## એ– ફરીયાદપક્ષના સાક્ષી :–

| નંબર | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| PW1 | ભાવસંગ ઉર્ફે ભાવેશભાઇની જુબાની | ફરીયાદી | ૦૮ |
| PW2 | જશોદાબેન ગોરધનભાઇની જુબાની | સાહેદ | ૧૦ |
| PW3 | રેવાબેન રાવજીભાઇની જુબાની | સાહેદ | ૧૧ |
| PW4 | ભવદીપસિંહ હમીરસિંહની જુબાની | સાહેદ | ૧૨ |

## બી– આરોપીપક્ષના સાક્ષી :–

| નંબર | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| DW1 | – | – | – |

## સી– કોર્ટ તરફેના સાક્ષી :–

| નંબર | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| CW1 | – | – | – |

## એ– ફરીયાદપક્ષ તરફે આંકે પડેલ દસ્તાવેજો :–

| નંબર | આંક ના નંબર | વિગત |
|---|---|---|
| 1 | ૦૯ | ફરીયાદ |
| 2 | ૧૩ | વીમા પોલીસી |
| 3 | ૧૪ | આર.સી. બુક |
| 4 | ૧૫ | લાયસન્સ |
| 5 | ૧૬ | ગોરધનભાઇનો પી.એમ રીપોર્ટ |
| 6 | ૧૭ | રાવજીભાઇનો પી.એમ રીપોર્ટ |
| 7 | ૧૮ | એફ.એસ.એલ રીપોર્ટ |
| 8 | ૧૯ | બોલેરો વાહનનુંએક્સિડન્ટ ફોર્મ |
| 9 | ૨૦ | સી.એન.જી રીક્ષાનુંએક્સિડન્ટ ફોર્મ |

| | | |
|---|---|---|
| 10 | ૨૧ | ગુનાવાળી જગ્યાનુ પંચનામું |
| 11 | ૨૨ | ગોરધનભાઇનું ઇન્કવેસ્ટ પંચનામું |
| 12 | ૨૩ | રાવજીભાઇનું ઇન્કવેસ્ટ પંચનામું |

## બી– આરોપીપક્ષના સાક્ષી :–

| નંબર | આંક ના નંબર | વિગત |
|---|---|---|
| 1 | | |

## સી– કોર્ટ તરફેના સાક્ષી :–

| નંબર | આંક ના નંબર | વિગત |
|---|---|---|
| 1 | – | – |

## ડી– મહત્વની વસ્તુઓ :–

| નંબર | આંક ના નંબર | વિગત |
|---|---|---|
| 1 | – | – |

## –: જ જ મે ન્ટ :–

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપીએ તા.૦૬/૦૪/૨૫ ના રોજ કલાક.૧૯/૪૫ વાગે મોજે તારાપુર – વાસદ હાઇવે નાર ગામની સીમ શબરી હોટલ નાર ઓવર બ્રીજ નજીક જાહેર રોડ ઉપર આરોપીએ પોતાની મહીન્દ્રા કંપનીની બોલેરો ગાડી રજી. GJ–18–BW–0588 ની પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી લાવી ફરીયાદીના સાહેદ મરણ જનાર રાવજીભાઇ શનાભાઇ વાલ્મિક તથા ગોરધનભાઇ રામાભાઇ પરમાર ઉ.વ.૬૦ નાઓ પોતાની રિક્ષા નં GJ–07–VV–8579 ની લઇને સર્વિસ રોડથી મુખ્ય રોડ પર ચઢવા જતા આ કામના આરોપીએ ફરીયાદીના સાહેદની રીક્ષાને ટ્રકકર મારતા ફરીયાદીના સાહેદ રાવજીભાઇને ડાબા પગે તથા માથાના ભાગે ગંભીર ઇજા તથા વત્તા–ઓછા પ્રમાણે ઇજાઓ

કરી તથા સાહેદ ગોરધનભાઈને જમણા પગે તથા માથાના ભાગે ગંભીર ઈજા શરીરે વત્તા–ઓછા પ્રમાણે ઈજાઓ કરી અસ્માત કરી સ્થળ ઉપર મોત નીપજાવી ગુનો કરી, આ બાબતે ફરીયાદીએ પેટલાદ રૂરલ પો.સ્ટે. માં ફરીયાદ કરતા પોલીસે તે ફરીયાદ ગુ.રજી. નં. **૧૧૨૧૫૦૨૦૨૫૦૧૧૯/૨૦૨૫** થી **બી.એન.એસ.ની કલમ– ૨૮૧, ૧૦૬, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ.વી.એક્ટની કલમ–૧૭૭, ૧૮૪** મુજબનો ગુનો નોંધી ફરીયાદના આધારે તપાસ કરનાર અમલદારશ્રીએ તપાસ કરતા હાલના કામના આરોપીઓ વિરુઘ્ધ પુરતો પુરાવો જણાય આવતા આરોપીઓ વિરુઘ્ધના આક્ષેપીત ગુનાનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં ઈન્સાફી નિકાલ સારૂ રજુ કરવામાં આવેલ છે.

(૨) ત્યાર બાદ આ કામના આરોપીઓને સમન્સ/વોરંટ ઈસ્યુ કરવામાં આવેલ અને તેની બજવણી થતા આરોપી કોર્ટમાં હાજર થયેલ છે અને આરોપીઓને બી.એન.એસ.એસ. ની કલમ–૨૩૦ અન્વયે વિના મુલ્યે ચાર્જસીટ સહીત પોલીસ કાગળની નકલો આપવામાં આવેલ છે. તેમજ ત્યારબાદ આરોપી વિરુઘ્ધના આક્ષેપીત ગુના અંગેનું તહોતમનામું **આંક– ૦૪** થી ફરમાવવામાં આવેલ છે અને **આંક– ૦૫ થી** આરોપીઓની પ્લી રેકર્ડ કરવામાં આવતા તેઓએ ગુનો કરેલ હોવાનો ઈન્કાર કરેલ છે. તેથી કેસની ન્યાચીક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે તથા ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવા નોંધવામાં આવેલ છે.

(૩) સદર કામે ફરીયાદપક્ષે ફોર્મ–સી માં જણાવ્યા મુજબના મૌખીક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

(૪) ઉપરોક્ત ફોર્મ–સી માં જણાવ્યા મુજબના પુરાવા રજૂ થયા બાદ ફરીયાદપક્ષે બીજા કોઈ પુરાવા રજૂ થયેલ નથી અને **આંક–૨૪** થી કલોઝીંગ પુરસીસ રજૂ કરવામાં આવેલ છે તેમજ રેકર્ડ ઉપર રજૂ થયેલ પુરાવા જોતા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં તેઓએ તેમના ઉપર ખોટો કેસ કરેલ છે તેવુ જણાવેલ છે તેમજ તેઓને સોગંદ ઉપર જુબાની આપવી નથી કે, બચાવના કોઇ સાહેદો તપસવા નથી તેવુ જણાવેલ છે.

ફરીયાદપક્ષ તથા આરોપીપક્ષના વિ.વ.શ્રી નાઓની દલીલો સાંભળવામાં આવેલ છે અને સદર કેસના આખરી નિર્ણય કરતી વખતે ધ્યાને લેવામાં આવેલ છે.

(૫) સદરહું ફરીયાદ હકીકતો ઉપરથી ન્યાયીક અર્થે કેસનાં આખરી નિકાલ વાસ્તે, નીચે મુજબના મુદદાઓ ઉપસ્થિત થાય છે.

**-: મુદ્દાઓ :-**

| | |
|---|---|
| (૧) | શું ફરીયાદપક્ષ નિ:શંકપણે એ હકીકત પુરવાર કરે છે કે, આરોપીએ તા.૦૬/૦૪/૨૫ ના રોજ કલાક.૧૯/૪૫ વાગે મોજે તારાપુર - વાસદ હાઈવે નાર ગામની સીમ શબરી હોટલ નાર ઓવર બ્રીજ નજીક જાહેર રોડ ઉપર આરોપીએ પોતાની મહીન્દ્રા કંપનીની બોલેરો ગાડી રજી. GJ-18-BW-0588 ની પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી લાવી ફરીયાદીના સાહેદ મરણ જનાર રાવજીભાઈ શનાભાઈ વાલ્મિક તથા ગોરધનભાઈ રામાભાઈ પરમાર ઉ.વ.૬૦ નાઓ પોતાની રિક્ષા નં GJ-07-VV-8579 ની લઈને સર્વિસ રોડથી મુખ્ય રોડ પર ચઢવા જતા આ કામના આરોપીએ ફરીયાદીના સાહેદની રીક્ષાને ટ્રકકર મારતા ફરીયાદીના સાહેદ રાવજીભાઈને ડાબા પગે તથા માથાના ભાગે ગંભીર ઈજા તથા વત્તા-ઓછા પ્રમાણે ઈજાઓ કરી તથા સાહેદ ગોરધનભાઈને જમણા પગે તથા માથાના ભાગે ગંભીર ઈજા શરીરે વત્તા-ઓછા પ્રમાણે ઈજાઓ કરી અસ્માત કરી સ્થળ ઉપર મોત નીપજાવી ગુનો કરી, આ બાબતે ફરીયાદીએ પેટલાદ રૂરલ પો.સ્ટે. માં ફરીયાદ કરતા પોલીસે તે ફરીયાદ ગુ.રજી.નં. **૧૧૨૧૫૦૨૦૨૫૦૧૧૯/૨૦૨૫** થી **બી.એન.એસ.ની કલમ-૨૮૧,૧૦૬, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ.વી.એક્ટની કલમ-૧૭૭, ૧૮૪** મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ? |
| (૨) | શું હુકમ ? |

(૬) ફરીયાદપક્ષે રેકર્ડ ઉપર આવેલ સમગ્ર મૌખિક, દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા તેમજ કેસની હકીકતો અને સંજોગોને ધ્યાને લેતા ઉપરોકત મુદદાનાં જવાબો અને કારણો નીચે મુજબ છે.

**મુદદા નં.૧. નકાર માં,**

**મુદદા નં.ર. આખરી હુકમ મુજબ.**

**– :: નિર્ણય માટેનાં કારણો ::–**

(૭) **મુદદા નં.૦૧ અને ૦ર.**

**ઉપરોક્ત મુદ્ધા પુરવાર કરવા ફરીયાદપક્ષે તપાસેલ પુરાવો રેકર્ડ ઉપર ધ્યાને લેવામાં આવે તો** ફરીયાદપક્ષે **આંક– ૦૮** થી ફરીયાદી **ભાવસંગ ઉર્ફે ભાવેશભાઇ** નાએ સોગંદ ઉપર જુબાની આપીને જણાવેલ છે કે, "હુ ધોરણ ૦૮ સુધી ભણેલો છુ. તારીખ ૦૬–૦૪–ર૦ર૫ ના રોજ હુ તારાપુર ચોકડી પર આવેલ ઢોસાહબરાની દુકાન ઉપર મારી નોકરી ઉપર હાજર હતો તે વખતે રાત્રાના પોણા આઠેક વાગે મારી પત્ની ભાવના બેનનો મારા ઉપર ફોન આવેલો અને તેઓએ ફોનમાં મને જણાવેલ કે, નાર ગામે આવેલ રેલ્વે બ્રીજની નજીક પિતાજી તથા રાવજીકાકાનો સબરી હોટલ પાસે અકસ્માત થયેલો છે જેથી બનાવની જાણ થતા હુ બનાવ વાળા સ્થેળે ગયેલો અને ત્યા જઇને જોયુ તો મારા પિતાજી ગોરધનભાઈ અને કાકા રાવજીભાઈ રોડની સાઇડમાં મરણ ગયેલ હાલતમાં સુવડાવેલ હતા. મે મારા પિતાજીને માથાના ભાગે તથા જમણા પગે ગંભીર ઇજાઓ થયેલી અને રાવજી કાકાને પણ ગંભીર ઇજાઓ થયેલી અને લોહી નીકળતુ હતુ. મને જાણવા મળેલુ કે સદર અકસ્માત એક બોલેરો ગાડીથી થયેલ છે. જેનો નંબર હાલ મને યાદ નથી બનાવની મે પેટલાદ રુરલ પો.સ્ટે.માં ફરીયાદ આપેલી મને ફરીયાદની ખરી નકલ બતાવવમાં આવે છે જેમાં ફરીયાદ તરીકે મારી સહી છે જેને હુ ઓળખુ છુ. જે ફરીયાદની ખરી નકલને રજુ દાખલ આંક.૯ આપવમાં આવે છે." તેવી હકીકત જણાવેલ છે.

◆ બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે, "એ વાત ખરી છે કે, મે અકસ્માતનો બનાવ નજરે જોયેલો નહી. અકસ્માત કેમ કરતા થયેલ એ મને ખબર નથી. હાલ આરોપીઓ સાથે કોઈ અણ બનાવ નથી. અકસ્માત વાળી જગ્યા મુખ્ય હાઇવે આવેલ હોઇ જેથી ઘણા બધા સાધનોની અવર જવર થતી હોય છે."તેવી હકીકત પુરાવા કે રેકર્ડ ઉપર આવેલ છે."

**( ૭.૧ )** વધુમાં આ કામે ફરીયાદપક્ષે **આંક– ૧૦** થી સાહેદ **જશોદાબેન ગોરધનભાઇ પરમાર** નાએ સોગંદ ઉપર જુબાની આપીને જણાવેલ છે કે, "તારીખ ૦૬–૦૪–ર૦ર૫ ના રોજ હુ મારા ઘરે હાજર હતી તે વખતે રાત્રીના સાડા સાત આઠ વાગે મારી ભત્રીજીએ મને જણાવ્યુ કે, નાર ઓવર બ્રિજની પાસે સબરી હોટલ ની સામે ગોરધનકાકા તથા તેમના મિત્ર રાવજીભાઇનુ એક બોલેરો ગાડી સાથે અકસ્માત થયેલુ છે જેમાં ગોરધન કાકા અને રાવજીભાઇ મરણ ગયેલ છે.

બનાવની જાણ થતા અમારા ફળિયાના માણસો તથા મારો દીકરો ભાવસંગ બનાવ વાળી જગ્યાએ ગયેલો અને ત્યા મારા પતિ ગોરધનભાઇ અને તેમના મિત્ર રાવજી મરણ ગયેલાનુ મે જાણેલુ. બનાવની ફરીયાદ મારા દિકરાએ આપેલી. બનાવ સબંધી પોલીસે મારો જવાબ લીધેલો." તેવી હકીકત જણાવેલ છે.

◆ બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે, "એ વાત ખરી છે કે, મે અકસ્માતનો બનાવ નજરે જોયેલો નહી. અકસ્માત કેમ કરતા થયેલ એ મને ખબર નથી. હાલ આરોપીઓ સાથે કોઇ અણ બનાવ નથી. અકસ્માત વાળી જગ્યા મુખ્ય હાઇવે આવેલ હોઇ જેથી ઘણા બધા સાધનોની અવર જવર થતી હોય છે."તેવી હકીકત પુરાવા કે રેકર્ડ ઉપર આવેલ છે.
સદર સાહેદની જુબાની ધયને લેતા તેઓએ અકસ્માતનો બનાવ નજરે જોયેલ નથી તેમજ અક

**(૭.૨)** વધુમાં આ કામે ફરીયાદપક્ષે **આંક– ૧૧** થી સાહેદ **રેવાબેન રાવજીભાઇ** નાએ સોગંદ ઉપર જુબાની આપીને જણાવેલ છે કે, "તારીખ ૦૬–૦૪–૨૦૨૫ ના રોજ હુ મારા ઘરે હાજર હતી તે વખતે રાત્રીના સાડા સાત આઠ વાગે મારી ભત્રીજા કામજીભાઇ નાઓએ મને જણાવ્યુ કે, નાર ઓવર બ્રિજની પાસે સબરી હોટલ ની સામે રાવજીકાકા તથા તેમના મિત્ર ગોરધનભાઇનુ એક બોલેરો ગાડી સાથે અકસ્માત થયેલુ છે જેમાં રાવજીકાકા અને ગોરધનભાઇ મરણ ગયેલ છે. બનાવની જાણ થતા અમારા ફળિયાના માણસો તથા મારો ભત્રીજો કાનજી તથા નરેશ બનાવ વાળી જગ્યાએ ગયેલા અને ત્યા મારા પતિ રાવજી અને તેમના મિત્ર ગોરધન મરણ ગયેલાનુ મે જાણેલુ. બનાવની ફરીયાદ ગોરધનભાઇના દિકરા ભાવેશે આપેલી. બનાવ સબંધી પોલીસે મારો જવાબ લીધેલો." તેવી હકીકત જણાવેલ છે.

◆ બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે, "એ વાત ખરી છે કે, મે અકસ્માતનો બનાવ નજરે જોયેલો નહી. અકસ્માત કેમ કરતા થયેલ એ મને ખબર નથી. હાલ આરોપીઓ સાથે કોઇ અણ બનાવ નથી. અકસ્માત વાળી જગ્યા મુખ્યા હાઇવે આવેલ હોઇ જેથી ઘણા બધા સાધનોની અવર જવર થતી હોય છે." તેવી હકીકત પુરાવા કે રેકર્ડ ઉપર આવેલ છે.

**(૭.૩)** વધુમાં આ કામે ફરીયાદપક્ષે **આંક– ૧૨** થી સાહેદ પી.એસ.આઇ **ભવદીપસિહ હમીરસિંહ** નાએ સોગંદ ઉપર જુબાની આપીને જણાવેલ છે કે, "સને વર્ષ ૨૦૨૫ માં હુ પેટલાદ રુરલ પો.સ્ટે.માં પ્રોબેશનલ પી.એસ.આઇ. તરીકે ફરજ બજાવતો હતો દે વખતે તારીખ ૦૬–૦૪–૨૦૨૫ ના રોજ પી.એસ.ઓ. અરવિંદભાઇ રામાભાઇ નોઓએ ગુના રજીસ્ટર નંબર

૧૧૯/૨૦૨૫ બી.એન.એસ.ની કલમ ૨૮૧,૧૦૬,૧૨૫ એ, ૧૨૫ બી, તથા એમ.વી. એક્ટની કલમ ૧૭૭,૧૮૪ મુજબનો ગુનો રજીસ્ટર કરેલ અને તેની તપાસ અમોને સોંપતા અમોએ આગળની તપાસ સંભાળી લીધેલી. અમોને આંક.. વાળી ફરીયાદ તપાસના કામે મળેલી અને જે અમે વંચાણે લીધેલી. સદર કામમાં લાગતા વળગતા સાહેદોના નિવેદનો તેઓના લખાવ્યા મુજબ લખી લેવામાં આવેલ તેમજ ગુનામાં સંડોવાયેલા વાહનો બોલેરો જીપ નંબર જી.જે.૧૮. બી.ડબલ્યુ.૦૫૮૮ ની વીમા પોલીસી તપાસના કામે કબજે લીધેલ અને ચાર્જસીટ સાથે સામેલ રાખેલ જે વિમા પોલીસીની ઝેરોક્ષ નકલને બચાવ પક્ષે આંકે પાડવા સામે વાંધો ન હોય રજુ દાખલ આંક.૧૩ આપવામાં આવે છે. તેમજ ગાડીની આર.સી. બુકની ઝેરોક્ષ નકલ તપાસના કામે કબજે લીધેલી. જે આર.સી. બુકની ઝેરોક્ષ નકલને બચાવ પક્ષને આંકે પાડવા સામે વાંધો ન હોય રજુ દાખલ આંક.૧૪ આપવામાં આવે છે. તેમજ ગુનામાં સંડોવાયેલ આરોપીના ડ્રાઇવીંગ લાઇસન્સની ઝેરોક્ષ નકલો મેળવેલ જે ડ્રાઇવીંગ લાઇસન્સની ઝેરોક્ષ નકલને બચાવ પક્ષે આંક પાડવા સામે વાંધો ન હોય રજુ દાખલ આંક..૧૫. આપવામાં આવે છે. મરણ જનાર ગોરધનભાઈ રામાભાઈ પરમાર અને રાવજીભાઇ શનાભાઇ વાલ્મીકી નાઓની પી.એમ. નોટી તપાસના કામે મેળવેલી જે અસલ પી.એમ.નોટને અનુક્રમે આંક.૧૬ અને આંક.૧૭ આપવામાં આવે છે. તેમજ તારીખ ૦૭–૦૪–૨૦૨૫ ના રોજ સ્થળ પરિક્ષણ કરાવેલ જે અસલ સ્થળ પરિક્ષણ અહેવાલ મે તપાસના કામે મેળવેલ જેને રજુ દાખલ આંક.૧૮ આપવામાં આવે છે તેમજ ગુનામાં સંડોવાયેલ બોલેરો ગાડી તથા સી.એન.જી.રીક્ષાના આર.ટી.ઓ. કચેરી આણંદ દ્વારા આપવામાં આવેલ એક્સીડેન્ટ રીપોર્ટ જે બંને અસલ રીપોર્ટ ને અનુક્રમે આંક.૧૯ અને આંક.૨૦ આપવામાં આવે છે. તારીખ ૦૭–૦૪–૨૦૨૫ ના રોજ કલાક ૧૮–૦૦ થી ૧૮–૩૦ સુધીનુ બે પંચોની હાજરીમાં ગુનાવાળી જગ્યાનુ વિગતવારનું પંચનામું કરવામાં આવેલ જે ગુનાવાળી જગ્યા સાહેદ કાનજીભાઇ છોટાભાઇ વાલ્મીકી નાઓએ બતાવેલી જે પંચનામામાં બે પંચોની સહીઓ છે અને રુબરુ તરીકે મારી સહી છે. જેને હુ ઓળખુ છુ. જે અસલ પંચનામાને રજુ દાખલ આંક.૨૧ આપવામાં આવે છે.

સદર કામમાં મરણ જનાર ગોરધનભાઇ રામાભાઇ પરમાર તથા રાવજીભાઇ શનાભાઇ વાલ્મીકી નાઓનુ ઇન્કવેસ્ટ પંચનામુ બે પંચોની હાજરીમાં કરવામાં આવેલ જેમાં બે પંચોની સહીઓ છે અને રુબરુ તરીકે મારી સહી છે. જેને હુ ઓળખુ છુ. જે બંને ઇન્કવેસ્ટ પંચનામાને અનુક્રમે રજુ દાખલ આંક.૨૨ અને આંક.૨૩ આપવામાં આવે છે. મારી આખી તપાસ દરમ્યાન મે નજરે જોનાર કોઇ સાહેદોના નિવેદનો મે લીધેલ નથી કારણકે તપાસ દરમ્યાન મને નજરે

જોનાર કોઈ સાહેદ મળી આવેલ નહી. તપાસ દરમ્યાન આરોપીનુ મોબાઈલનુ કોઈ લોકેશન મેળવેલ નથી. મે તપાસના કામે સહજાનંદ ટ્રાવેલ્સના માલીકનુ નિવેદન આ કામમાં લીધેલ તપાસ દરમ્યાન મે સીસીટીવી ફુટેજ મેળવેલ નથી કારણ કે આજુબાજુ કોઈ સીસીટીવી લાગેલ ન હતા. આરોપી આજ રોજ કોર્ટમાં હાજર છે તે તેજ છે. સવાલ – આરોપીનુ નામ ગુનામાં કઈ રીતે ખુલેલ.? જવાબ મારી તપાસ દરમ્યાન ગુનામાં સંડોવાયેલ બોલેરો વાહન ના નંબર જી.જે.૧૮. બી.ડબલ્યુ.૦૫૮૮ના માલીકની તપાસ કરતા સહજાનંદ ટ્રાવેલ્સના નામે હોઈ કંપનીનો કોન્ટેક કરતા સદર વાહન બનાવ સમયે કોણ ચલાવતુ હતુ તેના વિશે પુછ પરછ કરતાં હાલના આરોપી રવિકુમાર સ/ઓ રિશનભાઈ સમારીયા રાઠવા નુ તપાસ દરમ્યાન જાણવા મળેલ અને આ કામે આ આરોપી બનાવના બે દિવસ બાદ ૦૮–૦૪–૨૦૨૫ ના રોજ પેટલાદ રુરલ પોલીસ સ્ટેશન હાજર થયેલ હોય અને પોતે તારીખ ૦૬–૦૪–૨૦૨૫ ના રોજ કંપનીના કામે વડોદરા જવાનુ હોય ધોલેરાથી બરોડા તરફ જતા વટામણ વાસદ વાળો હાઈવે થઈને જતા હોઈ રાત્રીના ૧૯–૪૫ વાગે નાર ગામના ઓવરબ્રિજ ચડતા એક રીક્ષા જે બ્રીજ નીચેથી સર્વિસ રોડ ઉપરથી હાઈવે ઉપર ચડતી હોય તે વખતે મારી ગાડી સામે આવેલ અને મારી ગાડીની સ્પીડ વધારે હોઈ મારાથી બ્રેક વાગેલ નહી અને રીક્ષા સાથે અથડાઈ ગયેલ અને મારી બોલેરો ગાડી પલટી ખાઈ ગયેલ. આ અકસ્માતથી હુ ગાડીમાંથી બહાર નીકળી જોતા રીક્ષામાં બેઠેલ બે માણસો સ્થળ ઉપર અકસ્માતના કારણે મરણ ગયેલ હોય જેથી હુ ગભરાઈ ગયેલ અને ગાડી મુકી જતો રહેલ અને બાદમાં મને ખબર પડેલી કે બનાવની ફરીયાદ પેટલાદ રુરલ પો.સ્ટે માં આપેલી જેથી આજ રોજ હુ પો.સ્ટેમાં હાજર થવા માટે આવેલો છુ વગેરે મતલબની હકીકત હાલના આરોપી જણાવતો હોય તેઓને તપાસના કામે બી.એન.એસ.એસ. ની કલમ ૩૫(૩)(૧) ની નોટીસ હાલના આરોપીને આપેલી જેથી મને આરોપીનુ નામ ખબર પડેલી. મે આરોપીને નોટીસ આપીને કોર્યવાહી કરેલી. આરોપી વિરુધ્ધ ચાર્જસીટ જેટલો પુરાવો પડતા નામદાર કોર્ટમાં ચાર્જસીટ કરવામાં આવેલ. બનાવમાં બે જણાના મૃત્યુ થયેલ છે." તેવી હકીકત જણાવેલ છે.

◆ બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે, "એ વાત ખરી છે કે, આ ગુનાની ફરીયાદ હે.કો. એ.આર. ભરડા સાહેબની રુબરુમાં લેવામાં આવેલી છે. ફરીયાદમાં કોઈ જગ્યાએ આરોપીનુ નામ અને વર્ણન જણાવવામાં આવેલ નથી. એ વાત ખરી નથી કે, ફરીયાદને અનુરુપ સાહેદોના નામ પુછી નિવેદનો જાતે લખી લીધેલા કે, મે ફક્ત પંચોના નામ ઠામ પુછી તૈયાર પંચનામાં પાછળથી પંચોની સહીઓ લીધેલ કે, આરોપીઓ વિરુધ્ધ કોઈ

પુરતો પુરાવો ન હોવા છતા મે ખોટી રીતે અટક કરી તેમના વિરુધ્ધ ખોટી ચાર્જસીટ કરેલ છે." તેવી હકીકત પુરાવા કે રેકર્ડ ઉપર આવેલ છે.

**(૮)** ફોજદારી કેસમાં રેકર્ડ ઉપર આવેલ પુરાવાનું મૂલ્યાંકન કરતા પહેલા ક્રિમીનલ જયુરીસપ્રુડન્શના મૂળભૂત સિધ્ધાંતો ધ્યાને લેવામાં આવે તો,

Basically, there are three cardinal principles of criminal jurisprudence.

1.prosecution to prove its case beyond reasonable doubt.

2.The accused must be presumed to be innocent.

3.The onus of the prosecution never shifts.

◆ કોઈપણ કેસમાં જયારે પોલીસ ચાર્જશીટના આધારે કેસનો નિર્ણય કરવાનો હોય છે ત્યારે અદાલતેએ ખ્યાલ રાખવાનો હોય છે કે, અદાલતે માત્ર ભોગ બનનાર અને આરોપી વચ્ચે ન્યાય કરવાનો નથી, પરંતુ સમાજને પણ આ ન્યાયની અસર થતી હોય છે એ બાબત પણ લક્ષમાં લઈ ન્યાય કરવાનો હોય છે. કોઈપણ બનાવનો ભોગ બનનારે ન્યાય મેળવવા માટે સૌપ્રથમ સારવાર કરનાર એજન્સી ઉપર આધાર રાખવો પડે છે અને ત્યારબાદ પ્રોસીકયુશન એજન્સી ઉપર આધાર રાખવો પડે છે. આ એજન્સીઓ પૈકી કોઈપણ એજન્સીની ઈરાદા સાથે કે ઈરાદા વગર (શુધ્ધબુધ્ધિ પુર્વકની) કોઈ ભુલ કરે તો તેનો ખરેખર ભોગ બનનારને બનવું ન પડે તે પણ પુરાવાનું મુલ્યાંકન કરતી વખતે જોવાની ફરજ પણ અદાલતની છે. આ બાબતે નામદાર સુપ્રિમકોર્ટ,સ્ટેટ ઑફ યુ.પી વિરુધ્ધ અનીલસીંગ, અંબીકાપ્રસાદ વિ. સ્ટેટ ઓફ દીલ્હી એ.આઈ.આર. ૨૦૦૦, સુપ્રીમ કોર્ટ, ૭૧૮ ના ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતને સમાજમાં જે રીતે ક્રાઈમ વધી રહેલ છે અને જે રીતે આરોપીઓ શંકાનો લાભ મેળવી બચી જાય છે તે અંગે નોંધેલ છે કે, સ્વતંવ સાહેદો સાક્ષી બનવાનુ ટાળે છે, અન્વેષણ અધીકારીને પણ સહકાર આપતા નથી, તે માટેના ઘણા કારણો છે. પરંતુ આવા પુરાવાનું મુલ્યાંકન કરતી વખતે કોર્ટ એ ધ્યાનમાં રાખવુ જોઈએ કે, જજની ખુશીમાં બેસી જજે માત્ર એટલુ જ જોવાનું નથી કે કોઈ નિર્દોષ માણસને ખોટી સજા ન થઈ જાય, પરંતુ કોર્ટની એ પણ જોવાની ફરજ છે. આ બાબત ધ્યાન પર રાખી રેકર્ડ ઉપર આવેલ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવેલ છે. આરોપીઓ સામે ફોજદારી કેસ છે. પોલીસ ચાર્જશીટ આધારીત

કેસ દાખલ થયેલ છે. ફરીયાદપક્ષ સદર મુળભુત સિધ્ધાંતો ધ્યાન સમક્ષ રાખી આ કેસમાં ફરીયાદપક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાકીય બાબતોનું મુલ્યાંકન કરવામાં આવેલ છે.

(૯) ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતાં**, આંક– ૦૮** ના ફરીયાદી **ભાવસંગ ઉર્ફે ભાવેશભાઇ**ની જુબાની ધ્યાને લેતા તેઓએ અકસ્માતનો બનાવ નજરે જોયેલ નથી તેમજ અકસ્માત કેમ કરતા થયેલ તેમની તેને ખબર નથી અને અકસ્માતવાળી જગ્યાએ હાઇવે આવેલ હોઇ જેથી ઘણાબધા વાહનોની અવર જવર રહેતી હોવાની હકીકત રેકર્ડ ઉપર આવેલ છે. તેમજ **આંક– ૧૦ના** સાહેદ **જશોદાબેન ગોરધનભાઇ પરમાર**ની જુબાની તેમજ **આંક–૧૧**ના સાહેદ **રેવાબેન રાવજીભાઇની** જુબાની ધ્યાને લેતા તેઓએ અકસ્માતનો બનાવ નજરે જોયેલ નથી તેમજ અકસ્માત કેમ કરતા થયેલ તેમની તેને ખબર નથી અને અકસ્માતવાળી જગ્યાએ હાઇવે આવેલ હોઇ જેથી ઘણાબધા વાહનોની અવર જવર રહેતી હોવાની હકીકત રેકર્ડ ઉપર આવેલ છે. ફરીયાદપક્ષે આ કામમાં **આંક–૧૩** થી વીમા પોલીસી**, આંક–૧૪** થી આર.સી. બુક **,આંક–૧૫** થી લાયસન્સ**, આંક–૧૬**થી ગોરધનભાઇનો પી.એમ રીપોર્ટ**, આંક–૧૭** થી રાવજીભાઇનો પી.એમ રીપોર્ટ**, આંક–૧૮**થી એફ.એસ.એલ રીપોર્ટ**, આંક–૧૯** થી બોલેરો વાહનનું એક્સિડન્ટ ફોર્મ**, આંક–૨૦** થી સી.એન.જી રીક્ષાનું એક્સિડન્ટ ફોર્મ**, આંક–૨૧** થી ગુનાવાળી જગ્યાનુ પંચનામુ**, આંક–૨૨** થી ગોરધનભાઇનું ઇન્કવેસ્ટ પંચનામું**, આંક–૨૩** થી રાવજીભાઇનું ઇન્કવેસ્ટ પંચનામું રજુ કરેલ છે. આ કામમાં ફરીયાદપક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ ઉપરોક્ત દસ્તાવેજો તેમજ આંક–૦૮ના ફરીયાદી સાહેદ ભાવસંગભાઇ ગોવર્ધનભાઇ પરમારની જુબાની આંક–૦૯થી રજુ કરવામાં આવેલ ફરીયાદ આંક–૧૦ અને આંક–૧૧ના સાહેદ અનુક્રમે જશોદાબેન ગોરધનભાઇ પરમાર તેમજ રેવાબેન રાવજીભાઇનાઓની જુબાની તેમજ આંક–૧૨ના તપાસ કરનારની જુબાની ધ્યાને લેતા આ કામમાં તા.૦૬/૦૪/૨૫ ના રોજ કલાક.૧૯/૪૫ વાગે તારાપુર – વાસદ હાઇવે નાર ગામની સીમ શબરી હોટલ નાર ઓવર બ્રીજ નજીક જાહેર રોડ ઉપર મહીન્દ્રા કંપનીની બોલેરો ગાડી રજી. GJ–18–BW–0588 ની પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી લાવી રાવજીભાઇ શનાભાઇ વાલ્મિક તથા ગોરધનભાઇ રામાભાઇ પરમારનાઓ પોતાની રિક્ષા નં GJ–07–VV–8579 લઇને સર્વિસ રોડથી મુખ્ય રોડ પર ચઢવા જતા અકસ્માત થતા અવસાન પામેલ હોવાની બાબત સપષ્ટપણે રેકર્ડ ઉપર આવેલ છે પરંતુ ફરીયાદપક્ષે રજૂ કરેલ

પુરાવો ધ્યાને લેતા આ અકસ્માતનો બનાવ કઈ રીતે બનેલ, અકસ્માત અકસ્માત કરનાર વાહનના ચાલક કોણ હતા, વાહનચાલકે કઈ રીતે બેદરકારી અને બેફિકરાઈ ભરી રીતે ચલાવી અકસ્માત કરેલ તેવી કોઇ બાબત ફરિયાદપક્ષ આધારભૂત પુરાવાથી રોકર્ડ ઉપર લાવી શકેલ નથી. આ કામમાં આંક-૧૨થી તપાસ કરનાર અમલદાર શ્રી ભવદીપસિંહ હમીરસિંહનાઓની જુબાની ધ્યાને લેતા તેમા તેઓએ એવી હકીકત જણાવેલ છે કે,

*" સવાલ – આરોપીનુ નામ ગુનામાં કઇ રીતે ખુલેલ.?*

*જવાબ –મારી તપાસ દરમ્યાન ગુનામાં સંડોવાયેલ બોલેરો વાહન ના નંબર જી.જે.૧૮. બી.ડબલ્યુ.૦૫૮૮ ના માલીકની તપાસ કરતા સહજાનંદ ટ્રાવેલ્સના નામે હોઇ કંપનીનો કોન્ટેક કરતા સદર વાહન બનાવ સમયે કોણ ચલાવતુ હતુ તેના વિશે પુછ પરછ કરતાં હાલના આરોપી રવિકુમાર સ/ઓ રિશનભાઈ સમારીયા રાઠવા નુ તપાસ દરમ્યાન જાણવા મળેલ અને આ કામે આ આરોપી બનાવના બે દિવસ બાદ ૦૮-૦૪-૨૦૨૫ ના રોજ પેટલાદ રુરલ પોલીસ સ્ટેશન હાજર થયેલ હોય અને પોતે તારીખ ૦૬-૦૪-૨૦૨૫ ના રોજ કંપનીના કામે વડોદરા જવાનુ હોય ધોલેરાથી બરોડા તરફ જતા વટામણ વાસદ વાળો હાઇવે થઇને જતા હોઈ રાત્રીના ૧૯-૪૫ વાગે નાર ગામના ઓવરબ્રિજ ચડતા એક રીક્ષા જે બ્રીજ નીચેથી સર્વિસ રોડ ઉપરથી હાઇવે ઉપર ચડતી હોય તે વખતે મારી ગાડી સામે આવેલ અને મારી ગાડીની સ્પીડ વધારે હોઈ મારાથી બ્રેક વાગેલ નહી અને રીક્ષા સાથે અથડાઇ ગયેલ અને મારી બોલેરો ગાડી પલટી ખાઇ ગયેલ. આ અકસ્માતથી હુ ગાડીમાંથી બહાર નીકળી જોતા રીક્ષામાં બેઠેલ બે માણસો સ્થળ ઉપર અકસ્માતના કારણે મરણ ગયેલ હોય જેથી હુ ગભરાઇ ગયેલ અને ગાડી મુકી જતો રહેલ અને બાદમાં મને ખબર પડેલી કે બનાવની ફરીયાદ પેટલાદ રુરલ પો.સ્ટે માં આપેલી જેથી આજ રોજ હુ પો.સ્ટેમાં હાજર થવા માટે આવેલો છુ વગેરે મતલબની હકીકત હાલના આરોપી જણાવતો હોય તેઓને તપાસના કામે બી.એન.એસ.એસ. ની કલમ ૩૫(૩) (૧) ની નોટીસ હાલના આરોપીને આપેલી જેથી મને આરોપીનુ નામ ખબર પડેલી. મે આરોપીને નોટીસ આપીને કાર્યવાહી કરેલી. આરોપી વિરુધ્ધ ચાર્જસીટ જેટલો પુરાવો પડતા નામદાર કોર્ટમાં ચાર્જસીટ કરવામાં આવેલ. બનાવમાં બે જણાના મૃત્યુ થયેલ છે." તેવી હકીકત જણાવેલ છે."* આવો જવાબ આપવામાં આવેલ છે. સદરહુ ગુનામાં બે ફેટલ થયેલ છે(બે વ્યક્તિઓ મ્રુત્યુ પામેલ છે ) તપાસ કરનાર અમલદાર પી.એસ.આઇ કક્ષાના અમલદાર છે સદરહુ કેસમાં તપાસ કરનાર અમલદારે જે રીતે તપાસ કરેલ છે તે ધ્યાને લેતા આ કામમાં આરોપી કઇ રીતે ગુનામાં સંડોવાયેલ છે તે બાબતે કોઇ તટસ્થ તપાસ કરેલ નથી, બનાવ જાહેર

માર્ગ ઉપર બનેલ છે ત્યાં આજુ બાજુના લોકોના કોઇ નિવેદન લેવામાં આવેલ નથી, કોઇ ઇલેક્ટ્રોનીક્સ આધાર પુરાવા જેવા કે, આરોપીનુ મોબાઇલ લોકેશન લેવામાં આવેલ નથી, કોઇ સી.સી.ટી.વી કેમેરાના કુટેજ કે તે બાબતે કોઇ તપાસ કરેલી હોઇ તેવી કોઇ બાબત રેકર્ડ ઉપર આવેલ નથી, અકસ્માત કરનાર વાહનના માલિકનુ નિવેદન તપાસના કામે મોટર વ્હીકલ એક્ટની કલમ–૧૩૩ની જોગવાઇ મુજબ લેવામા આવેલ નથી, તપાસ કરનાર અમલદારે પોતાની તપાસમાં જરૂરી સતર્કતા , નિષ્પક્ષતા અને કાયદેસરની ફરજોનુ યોગ્ય રીતે પાલન કરેલ નથી, અકસ્માતના બનાવમાં બે માનવોના મ્રુત્યુ થયેલા છે આમ, છતા આ કેસના મહત્વના પાસાઓ બાબતે તપાસ કરનાર અમલદાર દ્ધારા યોગ્ય અને અસરકારક તપાસ કરવામા આવી નથી. જેના લીધે સત્ય હકીકત સુધી પહોંચવામાં અવરોધ ઉભો થયો છે, તપાસમાં રહેલી બેદરકારી, ઉદાસીનતા અને તેમનુ વર્તન ન્યાય પ્રણાલીને વિશ્વસનીયતાને ગંભીર રીતે અસર કરે છે અને જ્યારે અકસ્માતના કેસમાં બે–બે માણસોના મ્રુત્યુ થયા હોય ત્યારે અદાલત દ્ધારા આવી બાબતોને અવગણી શકાય તેમ નથી. સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ છનાભાઇ મંગલભાઇ ૧૯૯૦ (૦) એ.આઇ.જે.ઇ.એલ –૨૧૧૮૪૯ તેમજ નામદાર સુપ્રિમ કોર્ટે ગુજરાત રાજ્ય વિરુધ્ધ કિશનભાઇ ૨૦૧૪(૫) એસ.સી.સી.–૧૦૮ તેમજ ગજુ વિરુધ્ધ સ્ટેટ ઓફ ઉત્તરાખંડ ૨૦૧૩ ક્રીમીનલ લો જનરલ, ૮૮માં આપવામાં આવેલ માર્ગદર્શિકાને ધ્યાને લેતા તેમજ પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના ક્રમાંક નંબર–જી/૧/બીઇ–ટે–૨–ગુનાની તપાસ/૧૧૩૩, તારીખ ૨૧/૧૨/૨૦૨૦ થી આપવામાં આવેલી સુચનાઓ તેમજ આ કામમાં રેકર્ડ ઉપર આવેલ બાબત ધ્યાને લેતા આંક–૨૪થી રજુ કરવામાં આવેલ મૂળ ફરીયાદી તથા ભોગ બનનારાઓની ક્લોજીંગ પુરસીસ ધ્યાને લેતા તેમજ આ કામના તપાસ કરનાર અમલદાર પોતાના પ્રોબેશન પીરીયડમા હોઇ તે બાબત પણ ધ્યાને લેતા ભવિષ્યમા તેઓ દ્ધારા કરવામા આવતી તપાસમાં યોગ્ય કાળજી રાખવામાં આવે તેમજ તટસ્થતા પૂર્વક તપાસ કરવામા આવે તે વાસતે નોંધ લેવી જરૂરી જણાઇ આવતા સદરહુ નોંધ લેવામા આવે છે.

**(૧૦)** ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંતો પ્રમાણે Ei incumbit probatio qui dicit, non qui negat – જે આક્ષેપ કરે છે તેના પર જ તેને સાબિત કરવાનો ભાર રહે છે. In dubio pro reo – શંકાનો લાભ આરોપીને મળવો જોઈએ. ફરીયાદપક્ષે પોતાનો કેસ આરોપી વિરુધ્ધ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે, તથા ફરીયાદપક્ષના કેસમાં ગયેલ વ્યાજબી

શંકાનો લાભ આરોપીની તરફેણમાં આપવાનો હોય છે. વધુમાં રેકર્ડ ઉપરના પુરાવાઓ ઉપરથી એક બાજુ જણાઇ આવતું હોય કે આરોપીઓએ કહેવાતો ગુનો કરેલ નથી અથવા તો કહેવાતો કોઇ ગુનો આરોપીઓએ ન પણ કરેલ હોય ત્યારે તેવા સંજોગોમાં ફરીયાદીએ પોતાનો કેસ આરોપી વિરુધ્ધ નિ:શંકપણે પુરવાર કરી શકેલ છે તેમ ગણી શકાય નહી. જેથી ફરીયાદપક્ષના કેસમાં રહેલ તે શંકાનો લાભ આરોપીની તરફેણમાં આપવાનો રહે છે. ફોજદારી ન્યાય શાસ્ત્રનો એવો પણ સિધ્ધાંત છે કે, સો ગુન્હેગારો ભલે છુટી જાય પરંતુ કોઇ નિર્દોષ માણસને ખોટી રીતે સજા થવી જોઇએ નહી. વધુમાં નામ.સર્વોચ્ચ અદાલત ધ્વારા **kailash Gaur V/s. State of Aasam A.I.R.** 2012 SC 786 ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો જોતા તેના પેરા–૨૮ માં એમ ઠરાવેલ છે કે :– "28. It is one of the fundamental principles of criminal jurisprudence that an accused is presumed to be innocent till he is proved to be guilty. It is equally well settled that suspicion howsoever strong can never take the place of proof. There is indeed a long distance between accused 'may have committed the offence' and 'must have committed the offence' which must be traversed by the prosecution by adducing reliable and cogent evidence. Presumption of innocence has been recognised as a human right which can not be wished away. See Narendra Singh and Anr. V. State of M.P. (2004) 10 SCC 699 and Ranjitsingh Brahmajeetsingh Sharma V. State of Maharashtra and Ors. (2005) 5 SCC 294 To the same effect is the decision of this court in Ganesh v. Rama Raghuraman and Ors. (2011) 2 SCC 83 where this court observed : "Every accused is presumed to be innocent unless his guilt is proved. The presumption of innocent is human right. Subject to the statutory

exception, the said principle from the basis of criminal jurisprudence in India."પેરા ક્રમાંક નંબર- ૮ અને ૧૦માં જણાવવામાં આવેલ ફોજદારી ન્યાયશાશ્ત્રના સિધ્ધાંતો ધ્યાન સમક્ષ રાખી ઉપરોક્ત પેરા નંબર–૯માં રેકર્ડ ઉપર આવેલ પૂરાવાનું આખરી મૂલ્યાંકન કરતા આ કામમાં આરોપીઓ વિરુદ્ધ **આંક–૦૪** થી ફરમાવવામાં આવેલ તહોમત મુજબ આ કામના આરોપીએ તા.૦૬/૦૪/૨૫ ના રોજ કલાક.૧૯/૪૫ વાગે મોજે તારાપુર – વાસદ હાઈવે નાર ગામની સીમ શબરી હોટલ નાર ઓવર બ્રીજ નજીક જાહેર રોડ ઉપર આરોપીએ પોતાની મહીન્દ્રા કંપનીની બોલેરો ગાડી રજી. GJ–18–BW–0588 ની પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી લાવી ફરીયાદીના સાહેદ મરણ જનાર રાવજીભાઈ શનાભાઈ વાલ્મિક તથા ગોરધનભાઈ રામાભાઈ પરમાર ઉ.વ.૬૦ નાઓ પોતાની રિક્ષા નં GJ–07–VV–8579 ની લઈને સર્વિસ રોડથી મુખ્ય રોડ પર ચઢવા જતા આ કામના આરોપીએ ફરીયાદીના સાહેદની રીક્ષાને ટ્રકકર મારતા ફરીયાદીના સાહેદ રાવજીભાઈને ડાબા પગે તથા માથાના ભાગે ગંભીર ઈજા તથા વત્તા–ઓછા પ્રમાણે ઈજાઓ કરી તથા સાહેદ ગોરધનભાઈને જમણા પગે તથા માથાના ભાગે ગંભીર ઈજા શરીરે વત્તા–ઓછા પ્રમાણે ઈજાઓ કરી અસ્માત કરી સ્થળ ઉપર મોત નીપજાવી ગુનો કરી, આ બાબતે ફરીયાદીએ પેટલાદ રૂરલ પો.સ્ટે. માં ફરીયાદ કરતા પોલીસે તે ફરીયાદ ગુ.રજી. નં. **૧૧૨૧૫૦૨૦૨૫૦૧૧૯/૨૦૨૫** થી **બી.એન.એસ.ની કલમ– ૨૮૧, ૧૦૬, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ.વી.એક્ટની કલમ–૧૭૭, ૧૮૪** મુજબનો શિક્ષાને પાત્ર ગુનોકરેલ હોવાની હકીકત સાબિત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ હોવાથી મુદદા નં.૧ " **નકારમાં** " ઠરાવી મુદદા નં.ર અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## <u>–:: આ ખ રી હુ ક મ ::–</u>

(૧) આ કામના આરોપી **રવિકુમાર સન/ઓફ રિસનભાઈ સમારીયાભાઈ રાઠવા** રહે. રાયસિંગપુરા નીશાળ ફળિયુ, તા.ક્વાંટ, જી.છોટાઉદેપુર નાઓને બી.એન.એસ.એસ.ની કલમ– ૨૭૧ અન્વયે બી.એન.એસ**કલમ– ૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા**

**એમ.વી.એક્ટની કલમ–૧૭૭, ૧૮૪** અન્વયેના સજાને પાત્ર ગુનામાં નિર્દોષ ઠરાવીને છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપીના અગાઉના જામીનખત તેમજ જાતમુચરકા અપીલ સમય સુધી લંબાવવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તારીખ– ૧૦, માહે– જુલાઇ, સને– ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૦/૦૭/૨૦૨૬
સ્થળ : પેટલાદ

(ડી.બી. ગોહીલ)
પ્રિન્સીપાલ સિનિયર સીવીલ જજ અને
એડી. ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ, પેટલાદ

સ્ટેનો– એમ એ ભરવાડ

**<u>કોર્ટના કર્મચારીશ્રીઓએ કરવાના કાર્યો અંગે હુકમ.</u>**

(૧) અત્રેની અદાલતમાં અપલોડની કામગીરી સંભાળતાં કર્મચારીશ્રીએ સદર હુકમ અદાલ–તમાં જાહેર થયા મુજબ યોગ્ય રીતે વેરીફાઇ કર્યા બાદ અપલોડની કાર્યવાહી તાત્કાલીક કરવી.

(૨) બોર્ડ કલાર્કશ્રી/સંબંધિત કર્મચારીએ, સમગ્ર કેસ/અરજી કાળજી પૂર્વક ખરાઇ કરવી. જો કોઇ પ્રોસીઝરલ ભુલ અથવા ક્ષતિ જણાઇ આવે તો, ઓફિસની નિયત પ્રક્રિયા મુ–જબ તે બાબતે જરૂરી કાર્યવાહી કરવાની રહેશે.

(૩) રજીસ્ટ્રીએ નિયમોનુસાર હુકમ મુજબ આગળની કાર્યવાહી કરી સદર કેસ રેકર્ડ રૂમમાં મોકલવી આપવો.

તારીખ: ૧૦/૦૭/૨૦૨૬
સ્થળ : પેટલાદ

(દિલીપસીંહ બી. ગોહીલ)
પ્રિન્સીપાલ સિનિયર સીવીલ જજ અને
એડી. ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ, પેટલાદ
UIC NO.GJ00757

| ક્રમ | વિગત | કર્મચારીની સહી |
|---|---|---|
| ૧ | ચુકાદો અદાલતમાં જાહેર થયા મુજબ, ચેક વેરીફાઇ કર્યા બાદ અપલોડ અંગેની કાર્યવાહી કરેલ છે.<br>**અપલોડની કામગીરી સંભાળનાર** | |
| ૨ | આખો કેસ / અરજી ક્રમાંક નંબર ૨ મુજબ ચેક વેરીફાઇ કરેલ છે. **શીરસ્તેદાર / બોર્ડ કલાર્કશ્રી** | |
| ૩ | ક્રમાંક નંબર ૩ના હુકમ મુજબ આગળની કાર્યવાહી કરેલ છે.<br>**સુપ્રિટેન્ડેન્ટ / રજીસ્ટ્રી** | |